# દીપોત્સવ એટલે અંધકારથી પ્રકાશ તરફની યાત્રા



**આચમન — બિપિન પટેલ**

આપણે સૌ ભારતીય છીએ. 'ભા' અર્થાત જ્ઞાન! 'ભા' અર્થાત પ્રકાશ! જે જ્ઞાનમાં લીન છે, જે પ્રકાશમાં રત છે તે ભારતીય. પ્રકાશનો ઉપાસક દેશ એટલે ભારત! આપણે સૌ અંધકારના નહીં, પ્રકાશના ઉપાસકો છીએ! આપણું તો એક જીવન સૂત્ર જ છેઃ 'તમસો મા જ્યોર્તિગમય' ભારત કેવળ એક દેશ નથી બલકે સમગ્ર જગતને માટે એક સંદેશ છે- 'અંધકારથી પ્રકાશ તરફની યાત્રા જ માનવીની સાચી યાત્રા છે!' ભારત તો ઋષિ-મુનિઓનો દેશ છે, જેઓ આપે છે સમગ્ર જગતને અધ્યાત્મનો, જ્ઞાનનો પ્રકાશનો અદ્દભુત સંદેશ! ભારત અને અનોખો છે તેનો સંદેશ!

> દીપાવલીને દિવસે આપણે આપણું આંગણું રોશનીથી શોભાવીએ છીએ પરંતુ સર્વ પ્રથમ ઉંબરો પર બે દીપક અવશ્ય મૂકીએ છીએ. કેમ?

દીપાવલીની અમાસની રાત્રે જ્યારે ચારે તરફ સઘન અંધકાર છવાય જાય છે ત્યારે આપણે તેને દૂર કરવાના વિવિધ ઉપાયો કરીએ છીએ. પરિણામે સર્વત્ર પ્રકાશ ઝળહળી ઊઠે છે. જરા થોભો! શું આપણા અંતઃકરણમાં જામેલા અનેક જન્મોના મલિન સંસ્કારોને કારણે છવાયેલા સઘન અંધકારને દૂર કરવાના પ્રયત્નો આપણે કરીએ છીએ ખરા? પ્રશ્ન જરા કઠીન તો છે પરંતુ એ પ્રશ્ન આપણા મનમાં ઊઠવો જરૂરી છે. તો જ આપણી જીવનયાત્રા સાચા અર્થમાં અંધકારથી પ્રકાશ તરફની બનશે. શ્રી રામચરિત માનસના બાલકાંડમાં ગોસ્વામી તુલસીદાસજીએ એક સરળ ઉપાય બતાવ્યો છે. તેઓ કહે છે;

રામનામ મનિદીપ ધર જીહ દેહીં દ્વાર
તુલસી ભીતર બાહે રહું જૌંચાહસિ ઉજિયાર

મલિન સંસ્કારના સઘન અહંકારમાં અટવાતા જીવને તુલસીદાસજી સમજાવે છે કે જો તું તારી અંદર અને બહાર બંને બાજુએ પ્રકાશ ઈચ્છતો હોય તો તારા મુખ રૂપી દ્વારના જીભ રૂપી ઉંબરા પર રામનામ રૂપી દીપક (મણિ) મૂકી દે. અર્થાત્ રામનામ જપવાનું શરૂ કરી દે.

દીપાવલીને દિવસે આપણે આપણું આંગણું રોશનીથી શોભાવીએ છીએ પરંતુ સર્વ પ્રથમ ઉંબરો પર બે દીપક અવશ્ય મૂકીએ છીએ. જેથી ઘરની અંદર અને બહાર પ્રકાશ ફેલાઈ જાય. એ દીપકો આપણને સાવધાન કરે છે કે આપણે આપણા મનની મલિનતા રૂપી અંધકારને દૂર કરવા માટે ભગવદ્ સ્મરણ, નામસ્મરણ કે નામજપ કરતા રહેવું જોઈએ. આપણા અંતઃકરણમાં પૂર્વના અનેક જન્મોના મલિન સંસ્કારોનો પ્રગાઢ અંધકાર છવાયેલો છે. શ્રીરામ નામના સતત ઉચ્ચારણથી જન્મોજન્મની એ મલિનતા પણ ધોવાતી જાય છે અને મનમાં છવાયેલો મોહ પણ દૂર થતો જાય છે. લાંબા સમયના સતત, અવિરત નિષ્ઠાવાન નામજપથી શુદ્ધ થયેલા અંતઃકરણમાં એક દિવસ જીવને પરમાત્માના પ્રાકટ્યનો અનુભવ થાય છે અને તે પરમાનંદમાં ડૂબી જાય છે. સાથે સાથે બાહ્ય જગતમાં તે સર્વત્ર અને સર્વમાં પણ પરમાત્માનો અનુભવ કરીને પ્રસન્ન રહે છે.

માનવીની (જીવની) સાચી યાત્રા અંધકારથી પ્રકાશ તરફની છે. ભોગથી યોગ તરફની છે. જગતથી જગદીશ તરફની છે. નરથી નારાયણ તરફની છે. જીવને મળેલો માનવજન્મરૂપી આ સ્વર્ણિમ અવસર જો તે અંધકારમાં જ ગુમાવી દે છે તો સમજો કે તેનું માનવજીવન વ્યર્થ જ ગયું!

વીતી ગયું તે વીતી ગયું. ચાલો, જાગ્યા ત્યાંથી સવાર.

ભૂતકાળને ભૂલી જઈએ અને વર્તમાન તથા ભવિષ્યને સુધારી લઈએ. હવે તો જરૂર જાગીએ. નવું વર્ષ શરૂ થઈ રહ્યું છે ત્યારે એક સંકલ્પ કરીએ કે વ્યર્થ ચિંતા, વ્યર્થ ચિંતન અને વ્યર્થ ચર્ચાઓમાં સમય બરબાદ કરીશું નહીં. શ્રીરામચરિત માનસે (તુલસી રામાયણે) જે જીવનસૂત્ર આપ્યું છે તેનો અમલ શરૂ કરી દઈશું અને અંધકારથી પ્રકાશ તરફની યાત્રાનો પ્રારંભ કરીને માનવજન્મને સાર્થક કરીશું. 'તન્મે મનઃ શિવ સંકલ્પમસ્તુ' હે મારા તન! તું કલ્યાણકારી સંકલ્પ કર. સૌને શુભયાત્રા, કલ્યાણમય યાત્રા!

# અજવાળાનો આવિષ્કાર એટલે દીપપર્વ

**અજવાળાં — દુર્ગેશ ઉપાધ્યાય**

દીપોત્સવ એ દીવડાઓનો ઉત્સવ છે. દીપની હારમાળા એટલે દીપાવલી. ભગવાન રામ રાવણ સાથે યુદ્ધ કરી વિજય મેળવી અયોધ્યા પધાર્યા ત્યારે નગરજનોએ ઘેર ઘેર દીવા પ્રગટાવી આ ઉત્સવ મનાવ્યો, ત્યારથી આ દીપોત્સવની પરંપરા શરૂ થઈ.

આ મહાપર્વે દીપમાળા પ્રગટાવી અંધાકરને જાકારો આપવામાં આવે છે અને ઘર-આંગણે સર્વત્ર પ્રકાશ પાથરવામાં આવે છે. જ્યાં પ્રકાશ પથરાય ત્યાં અંધકારનું અસ્તિત્વ ન હોય, જ્યાં સ્વચ્છતા હોય ત્યાં ગંદકીનું સામ્રાજ્ય ન હોય, જ્યાં સત્ય પ્રગટે ત્યાં અસત્ય નાશ પામે. આ બધી સકારાત્મકતા જ જીવનને સુખ-શાંતિ અને સંપત્તિ આપે છે. અસ્તિત્વને અજવાળવાનું આ પર્વ છે.

એ જ રીતે જીવનમાં પ્રકાશ પથરાય, સદ્દગુણો કે નીતિનો પ્રભાવ વર્તાય તો દુર્ગુણો, અનીતિ દૂર ભાગે છે. આ અજવાળાનો આવિષ્કાર જ દીપ પર્વ છે.

ઘરઆંગણે દીવા પ્રગટાવી આપણે આંગણાં તો અજવાળીએ છીએ પણ અંતરને અજવાળતા નથી. દિવાળી આવે ને જાય, પછી આપણે તો પાછા એના એ.


જીવનમાં અજવાળું રેલાવવું હશે તો આપણે બદલાવું પડશે. કોડિયાં બદલવાથી અજવાળું નથી પથરાતું, દીવડાની વાટ અને તેલ બદલવું પડે છે. એમ જીવનનાં મૂલ્યો જળવાય તો જીવતર અજવાળી શકાય. જીવનનું અજવાળું મૃત્યુ પછી યે નાશ પામતું નથી. માનવીના મૃત્યુ પછી યે એના સદ્દગુણો એના નામને અજવાળતા રહે છે.

એટલે આ દીપપર્વ અંધકારમાંથી અજવાળા તરફની ગતિ કરવાનું પર્વ છે અને ગતિ વિના જીવનની પ્રગતિ શક્ય નથી. આ મહાપર્વે ત્રિગુણાત્મક શક્તિ ધરાવતી દેવીઓની પૂજા કરવામાં આવે છે. સરસ્વતી, લક્ષ્મી અને મહાકાલી યા દુર્ગાની પૂજા આ પર્વ સાથે મહત્ત્વ ધરાવે છે એટલે જીવનમાં જ્ઞાન, બુદ્ધિ, ધનધાન્ય, સુખ અને શાંતિ પ્રગટે,

> જીવનમાં અજવાળું રેલાવવું હશે તો આપણે બદલાવું પડશે. કોડિયાં બદલવાથી અજવાળું નથી પથરાતું, દીવડાની વાટ અને તેલ બદલવું પડે છે. એમ જીવનનાં મૂલ્યો જળવાય તો જીવતર અજવાળી શકાય

આસુરી વૃત્તિઓનો નાશ થાય એ માટે આ ત્રિગુણાત્મક શક્તિની આરાધના કરવામાં આવે છે.

કહેવાય છે કે દીપાવલી પર્વે ઈન્દ્રદેવ પણ પોતાની ગૃહલક્ષ્મી ઈંદ્રાણીની પૂજા કરે છે. એમ નારી એ ગૃહલક્ષ્મી છે. ઘરમાં ધન-ધાન્ય કે પૈસો ત્યારે જ ટકે છે જ્યાં નારીનું સન્માન જળવાતું હોય અને એટલે જ ઈન્દ્ર ઐશ્વર્યશાળી છે. આ દિવ્ય શક્તિઓની કૃપા ત્યારે જ વરસે જ્યારે માનવી સદ્દગુણી હોય, સત્કર્મી હોય અને એટલે નવા વર્ષમાં કોઈ નવો સદ્દગુણોનો વિકાસ એ જ જીવન વિકાસ છે. બાકી બધું નકામું.





## સપ્તાહનાં વ્રત-તહેવારો
## તા. ૨૦ ઓક્ટોબરથી તા. ૨૬ ઓક્ટોબર - ૨૦૨૫
## વિક્રમ સંવત 2082નો પ્રારંભ

### તા. ૨૦ સોમવાર
આસો વદ ચૌદશ, દિવાળી, લક્ષ્મી કુબેર પૂજન, નરક ચતુર્દશી, મહાવીર સ્વામી, દયાનંદ સરસ્વતી નિર્વાણ દિન

### તા. ૨૧ મંગળવાર
આસો વદ અમાસ, દર્શઅમાસ

### તા. ૨૨ બુધવાર
કારતક સુદ એકમ, વિક્રમ સંવત-2082નો પ્રારંભ, જૈન સંવત્સર 2442નો પ્રારંભ, બલિપ્રતિપ્રદા, ગોવર્ધન પૂજા, અન્નકૂટ- ગૌક્રીડા, સ્વામી રામતીર્થ જયંતી-પંજાબ

### તા. ૨૩ ગુરુવાર
કારતક સુદ બીજ, ભાઇબીજ, યમબીજ,સૌર હેમંત ઋતુ પ્રારંભ,સ્વામી નારાયણની પાઘના દર્શન સૂરત

### તા. ૨૪ શુક્રવાર
કારતક સુદ ત્રીજ

### તા. ૨૫ શનિવાર
કારતક સુદ ચોથ, વિનાયક ચોથ

### તા. ૨૬ રવિવાર
કારતક સુદ પાંચમ, લાભપાંચમ, જ્ઞાન પંચમી (જૈન) પાંડવ પંચમી, છાંબા હનુમાનજીનો મેળો વલવાડા

## સુવિચાર
જિંદગીમાં ક્યારેય હાર નહીં માનવાની. શું ખબર સફળતા તમારા છેલ્લા પ્રયત્નોની રાહ જોતી હોય